# પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે ત્રણ દિવસીય રાજય કક્ષાની વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઇ

**ભાડુની જ્યોતિબા નર્સિંગ કોલેજ પ્રથમ સ્થાન મેળવ્યુ : ૨૮ ટીમોએ વોલીબોલ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો : ૧ થી૩ વિજેતા કોલેજોને ટોફી આપીને સન્માન કરવામા આવ્યુ હતુ : સમગ્ર ત્રિદિવસીય વોલીબોલ ટુર્નામેન્ટનુ આયોજન ચિત્રિણી નર્સિંગ કોલેજ દ્વારા કરવામા આવ્યુ હતુ**







પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ કેમ્પસ ખાતે ત્રિદિવસીય રાજય કક્ષા ની બીજી વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઇ જેમા વિજેતા થયેલ ૧થી ૩ નંબર પ્રાપ્ત કરનાર વિજેતા ટીમો ને ટોફી આપી ને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા.

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે રાજ્ય કક્ષા ની બીજી ત્રણ દિવસીય વોલીબોલ ચેમ્પિયન શીપ ટુર્નામેન્ટ યોજાઇ હતી જેમા ૨૮ નર્સિંગ કોલેજ ના વિધાર્થીઓની ટીમોએ ત્રિદિવસીય વોલીબોલ ચેમ્પિયન શીપ ટુર્નામેન્ટ મા ભાગ લીધો હતો તો આ ટુર્નામેન્ટ નુ આયોજન પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ના ડાયરેકટર ડૉ.નૃપાશ ભાઇ પટેલ દ્વારા કરવામા આવ્યુ હતુ તો વોલીબોલ ચેમ્પિયન શીપ ટુર્નામેન્ટ મા ૨૮ ટીમો માથી ૧થી૩ ટીમો વિજેતા થઈ હતી જેમા પ્રથમ નંબરે ભાન્ડુ જ્યોતિ નર્સિંગ કોલેજ ની ટીમ વિજેતા થઈ હતી તો બીજા નંબરે ચિત્રિણિ નર્સિંગ કોલેજ પ્રાંતિજ ની ટીમ વિજેતા થઈ હતી તો ત્રીજા નંબરે સિધ્ધપુર ખાતે આવેલ ગોકુલ નર્સિંગ કોલેજ ની ટીમ વિજેતા થઈ હતી તો ત્રીજા દિવસે વિજેતા થયેલ ત્રણેય ટીમો ને આમંત્રિત મહેમાનો ના હસ્તે ટોફી આપી ને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો આ પ્રસંગે દશરથભાઇ પટેલ , રમેશચંદ્ર આચાર્ય , પ્રદિપ ભાઈ સુખડીયા , ડૉ એ.ડી.પાટીદાર , ચિત્રિણી નર્સિંગ કોલેજ ના ટ્રસ્ટી એ.કે.પટેલ , ચિત્રિણી નર્સિંગ કોલેજ ના પ્રિન્સીપાલ નરેન્દ્ર પ્રસાદ સહિત કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# આકરૂન્દ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવ્ય શાકોત્સવનું આયોજન...

**રવિવાર તા.૨ જાન્યઆરીએ સાંજે શાકોત્સવ કથા ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ધનસુરા તાલુકાના આકરૂન્દ ખાતે ભવ્ય સ્વામિનારાયણ મંદિરમાં આગામી તા.૨ જાન્યુઆરી રવિવારે દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સત્સંગી હરિભક્તોને જિલ્લાના ખૂણે ખૂણેથી સત્સંગીઓ ઉપસ્થિત રહેશે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી શ્રી નરનારાયણ દેવ ગાદીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજના શુભાશિર્વાદ તથા સ.ગુ.શા. સ્વા. અખિલેશ્વરદાસજી, કોઠારી સ્વામિ સર્વેશ્વરદાસજી તથા વિશ્વેશ્વરદાસજીની શુભ પ્રેરણાથી આકરૂન્દ ગામમાં તા.૨ જાન્યુઆરી રવિવારના રોજ દિવ્ય શાકોત્સવનું આયોજન કરાયું છે. જેમાં સાંજે ૫ કલાકે શાકોત્સવ કથા તથા સાંજે ૬:૦૦ કલાકે શાકનો વઘાર, શાકોત્સવની આરતી અને સાંજે ૬:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. જેથી દરેક હરિભક્તોએ દિવ્ય શાકોત્સવનો લાભ લેવા આકરૂન્દ ગામના સત્સંગી હરિભક્તો તથા બહેનો, નરનારાયણ દેવ યુવક મંડળ-આકરૂન્દ, શ્રી સ્વામિનારાયણ મંદિર-આકરૂન્દ દ્વારા જણાવવામાં આવ્યું છે.




આશિર્વાદ આપવા સ.ગુ.મહંત શા.સ્વામિ યજ્ઞપ્રિયદાસ પારસોદવર્ય શ્રી જીતુ ભગતજી (લાકડાની હવેલી-સ્વામિનારાયણ મંદિર, રડોદરા) શાકનો વઘાર કરશે. શાકોત્સવમાં સંતો સહભાગી થવાના હોવાથી આકરૂન્દ સ્વામિનારાયણ મંદિરમાં દિવ્ય શાકોત્સવમાં

## ગણપત યુનિવર્સિટીને

# એન.આર.આઈ પરિવાર શ્રીમતી કાન્તાબેન અને કાશીરામ પટેલ દ્વારા રૂપિયા પાંચ કરોડનું માતબર દાન

ગણપત વિદ્યાનગર, તા. ૩૧

શ્રી ગણપતભાઈ પટેલ અને શ્રીમતી મંજુલાબેન પટેલના શિક્ષણ થકી સમાજ ઉત્થાનના સેવાકાર્યમાં સહભાગી થવા તેમના અંગત મિત્ર શ્રી કાશીરામ પટેલ અને તેમના પત્ની શ્રીમતી કાન્તાબેન તરફથી ગણપત યુનિવર્સિટીને ગુજરાત સરકાર માન્ય અગ્રિકલ્ચર કોલેજની સ્થાપના માટે રૂપિયા પાંચ કરોડ જેવી માતબર રકમનું દાન મળેલ છે, જે થકી "કાન્તાબેન કાશીરામ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રીકલ્ચરલ સાયન્સીસ એન્ડ રિસર્ચ" ની સ્થાપના થઈ છે. જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અત્યાધુનિક અને એડવાન્સ્ડ ટેકનોલોજી અને સંપૂર્ણ સુવિધાસભર ક્લાસરૂમ તેમજ ઈમ્પોર્ટેડ સાધનોથી સજ્જ લેબોરેટરી વગેરેની સુવિધા મળશે. સ્થાપિત એગ્રિકલ્ચર કોલેજ સમગ્ર રાજ્યમાં સ્થપાયેલ અન્ય પ્રાઈવેટ અગ્રિકલ્ચર કોલેજ કરતા ભિન્ન અને શ્રેષ્ઠતમ હશે જેનો લાભ ગુજરાત રાજ્ય અને દેશના તમામ વિદ્યાર્થીઓને મળશે.

દાનવીર એવા ખેડૂત પુત્ર શ્રી કાશીરામભાઈનો જન્મ તા. ૧ જુલાઈ, ૧૯૩૬ ના રોજ પલાસર ગામે થયેલ. તેઓએ ઉત્તર ગુજરાત ના જ ગામડામાં મેટ્રિક સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. તેઓ વર્ગમાં સૌથી હોંશિયાર વિદ્યાર્થી હતા અને એ વખતની (જૂની) મેટ્રિકની





પરીક્ષા એમણે ડિસ્ટિંક્શન સાથે પાસ કરી હતી. ઉચ્ચ શિક્ષણ દરમ્યાન એમણે "નેશનલ મેરીટ" અને "ડાયમંડ જ્યુબિલી સ્કોલરશીપ" મેળવવાનું ગૌરવ પણ હાંસલ કર્યુ હતું. સ્નાતક થયા બાદ શ્રી કાશીરામભાઈએ લણવાની ત્રિભોવન વિદ્યાલયમાં પ્રારંભનાં – પાયાના એક શિક્ષક તરીકે કામ કરવાનું પસંદ કર્યું. ૧૯૭૭માં તેઓ અમેરિકા ગયા ત્યાં સુધી એમણે ત્યાં જ શિક્ષક તરીકે ફરજ બજાવી. તેમના પરિવારમાં પાંચ સભ્યો છે તેમના પત્ની કાંતાબેન પટેલ, દીકરી કુમુદબેન તથા બે દીકરા શીરિષભાઈ અને પરેશભાઈ છે. તેઓએ અમેરિકામાં પ્રથમ "લેબ ટેક્નિશિયન" તરીકે જોબ કરી, "કેમિસ્ટ" તરીકે બઢતી મળી, આમ નવ વર્ષ સુધી કામ કર્યુ. આલ્ફા પ્લેટિંગ નામની કંપનીમાં ૧૯૯૨માં ભાગીદાર તરીકે જોડાયા અને બીજી બે કંપની ઊભી કરી.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાત્રે ૫૦૦થી વધુ ભિક્ષુકો ખુલ્લામાં સૂઈ રહે છે

**જિલ્લામાં હાડથીજવતી ઠંડીથી ફૂટપાથ પર વસતા પરિવારોની હાલત કફોડી : શેલ્ટર હાઉસ ઉભાં કરવામાં તંત્ર નિષ્ફળ : કાતિલ ઠંડીમાં જનજીવન ધ્રુજ્યું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી ઠંડીનો પારો ગગડતાં હાડથીજવતી ઠંડીમાં જનજીવન ધ્રુજી ઉઠ્યું છે ત્યારે બંન્ને જિલ્લામાં ૫૦૦ થી વધુ ભિક્ષુકો કડકડતી ઠંડીમાં ખુલ્લામાં સૂઈ રહે છે. જ્યારે અસંખ્ય ગરીબ પરિવારો ઉપર આભ નીચે ધરતીની હાલતમાં ઠંડીના કપરા દિવસો વિતાવી રહ્યા છે. તંત્ર શેલ્ટર હાઉસ ઉભાં કરવામાં ઉણું ઉતરતાં ફૂટપાથ પરનું જીવન રીતસરનું ઠુઠવાયું છે. બંન્ને જિલ્લામાં અસંખ્ય લોકો ફૂટપાથ તેમજ હાઈવે પરના ઓવરબ્રીજ નીચે આશરો લઈ રહ્યું છે પરંતુ તેમની ઠંડીમાં કોઈ દરકાર લેવાવાળું જ ન હોવાથી આવા પરિવારોનું જનજીવન સુન્ન પડી ગયું છે.

જિલ્લામાં હીમયુગ આવી રહ્યો હોય તેમ ઠંડીનું જોર વધ્યું છે. સવારથી સાંજ સુધી રેકર્ડ બ્રેક ઠંડીના કારણે જનજીવન હચમચી ઉઠ્યું છે. ઠંડીનું જોર વધતાં જનજીવનને માઠી અસર થઈ છે. સુખી પરિવારો ઘરમાં ગરમવસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે તો બીજી તરફ ખુલ્લામાં વસતા નિરાશ્રિતોની હાલત દયાજનક બની રહી છે. બંન્ને જિલ્લામાં અસંખ્ય પરિવારોને ઘરનું ઘર નસીબ થયું નથી અને તેમના જીવનમાં માત્ર ભીક્ષાવૃત્તિ લખાયેલી હોવાથી આવા પરિવારો બેઘર હાલતમાં ઓવરબ્રીજ તેમજ ફૂટપાથની સાઈડમાં વસવાટ કરી રહ્યા છે જેમાં અપૂરતા ઘરસામાનની સાથે પહેરવા માટે પૂરતાં કપડાં પણ ન હોવાથી હાડથીજવતી ઠંડીમાં બેઘર પરિવારોની હાલત અત્યંત કફોડી બની છે. જિલ્લામાં ઠંડીનું જોર વધ્યું છતાં તંત્રને નિરાશ્રિત પરિવારોની કોઈ ચિંતા ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વહીવટી તંત્ર ખુલ્લામાં વસવાટ કરતા પરિવારો માટે શેલ્ટર હાઉસ ઉભાં કરવામાં નિરસ બની રહેતાં ડિસેમ્બર માસની રેકર્ડ બ્રેક ઠંડીમાં ફૂટપાથ પરનું જીવન સુન્ન પડી ગયું છે. જિલ્લામાં બરફીલા પવન વચ્ચે કોલ્ડવેવનું વાતાવરણ ઉભું થતાં ઉપર આભ અને નીચે ધરતીનો આશરો લેનારા અસંખ્ય પરિવારો ઠંડીથી થરથર ધ્રુજી રહ્યા છે તો બીજી તરફ વહીવટી તંત્ર શેલ્ટર હાઉસ ઉભાં કરવામાં ભલે નિરસ રહ્યું હોય પરંતુ કેટલાક વિસ્તારોમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા ખુલ્લામાં વસવાટ કરતા પરિવારોને ધાબળા વિતરણ કરી ઠંડીથી બચાવવાના પ્રયાસ કરતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં કાતિલ ઠંડીથી બેઘર પરિવારોની હાલત અત્યંત કફોડી બની છે ત્યારે વિદાય લેતા વર્ષમાં હજુ ઠંડીનું જોર વધવાની આગાહી છે ત્યારે તંત્ર મોંડે મોંડે ફૂટપાથ પર વસતા પરિવારોને ઠંડીથી રક્ષણ આપવા માટે શેલ્ટર હાઉસ ઉભાં કરે તે જરૂરી બન્યું છે.

# બાયડની વિવેકાનંદ સોસાયટીમાં રૂા. ૧૧ લાખના ખર્ચે તૈયાર થનારા નવા સી.સી.રોડનું ખાતમૂહર્ત

**વર્ષો પછી સી.સી.રોડનું સ્વપ્ન સાકાર થતાં રહીશોમાં ખુશાલી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડ નગરપાલિકા વોર્ડ નં.૧ ની વિવેકાનંદ સોસાયટી, વિભાગ-૩માં રૂા.૧૦,૭૩,૯૦૦ ના ખર્ચે તૈયાર થનારા નવા સી.સી.રોડનું ગુરૂવારે ખાતમૂહર્ત કરવામાં આવ્યું. વર્ષો પછી સી.સી.રોડનું સ્વપ્ન સાકાર થતાં રહીશોમાં ખુશાલી જોવા મળી. બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, કોર્પોરેટર કંચનબેન એમ. પટેલ સહિત સોસાયટીના રહીશો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં



મહિલા કોર્પોરેટર કંચનબેન પટેલે નવા સી.સી. રોડનું ખાતમૂહર્ત કર્યું

બાયડ પાલિકા દ્વારા સી.સી. રોડ માટે માતબર ગ્રાન્ટ ફળવાતાં હતું. સોસાયટીના રહીશોએ તમામનો આભાર માન્યો હતો. સી.સી.રોડના ખાતમૂહર્ત સમયે જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ.અનિલભાઈ શાહ, ભરતભાઈ પંચાલ, એડવોકેટ મુકુંદભાઈ પટેલ, બિલ્ડર અતુલભાઈ જોષી સહિત સોસાયટીના અગ્રગણ્ય રહીશો હાજર રહ્યા હતા. પાલિકાના બાંધકામ ઈજનેર ધ્રૂમિલ પ્રજાપતિ, કન્સલ્ટન્ટ ભરતભાઈ પંચાલની સંપૂર્ણ દેખરેખ હેઠળ સી.સી.રોડનું ગુણવત્તાયુક્ત કામ કરવામાં આવશે.

**લૂંટનું પગેરું શોધવા ડોગ સ્કવોર્ડની મદદ લેવાઈ**

# મણીયોર પાસે વેપારીની બાઈક આંતરી ૧ લાખની લૂંટ

**૪ લૂંટારુઓએ વેપારીને ખેતરમાં ખેંચી લૂંટી લીધો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧



ઈડર તાલુકા તાલુકાના મણીયોર પાસે ગત રાત્રે બાઈક ઉપર પસાર થતા ગોળી-બિસ્કીટના હોલસેલ વેપારીની બાઈક આંતરી અજાણ્યાં ૪ ઈસમોએ પાસના ખેતરમાં બળજબરીપૂર્વક ખેંચી જઈ વેપારી પાસેથી જ ૯૫ હજારની રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત ૪ ૫,૦૧,૦૦૦ની લૂંટ ચલાવતાં સનસનાટી મચી છે. બનાવ અંગે ઈડર પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. લૂંટના ગુનાનો ભેદ ઉકેલવા તપાસમાં એલ.સી.બી. જોડાઈ છે. જ્યારે ડોંગક્વોર્ડની મદદ લેવામાં આવી છે પરંતુ બનાવના ૨૪ ક્લાક પછી પોલીસને કોઈ સુરાગ મળ્યા નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા કેટલાક સમયથી બાઈક ઉપર જતા વેપારીઓની રેકી કરી તેમને લૂંટી લેવાના ગુનામાં વધારો થઈ રહ્યો છે. ઈડર તાલુકાના ઉમેદગઢમાં રહેતા વેપારી પારસસિંહે મોઢસિંહ રાજપૂરોહીત તા.૨૭ના રોજ ઈડરમાં તેમની દુકાન બંધ કરી બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે લૂંટ ટોળકી તેમની રેકી કરી પીછો કરતી હોય તે રીતે મણીયોર ગામના પાટીયા પાસે બાઈક ઉપર આવેલા ૪ લૂંટારાઓએ વેપારીનું બાઈક થોભાવવાનો પ્રયાસ કર્યો જેથી વેપારીને લૂંટારુ ટોળકી હોવાની આશંકા જણાતાં બાઈક દોડાવી જેથી લૂંટ ટોળકીએ ઓવરટેક કરી બાઈક રોડ ઉપર આવું કરી દીધું અને વેપારીને થોભાવી તિક્ષ્ણ હથિયાર બતાવી ઉચકીને કપાસના ખેતરમાં લઈ ગયા જ્યાં બેગમાંની રોકડ રકમ ૪ ૫ હજાર, વાહનની આર.સી.બુક, ચાવી તેમજ વેપારીના ખિસ્સામાં રુ ૧૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન લૂંટી લૂંટારુઓ ફરાર થઈ ગયા હતા. રાત્રિના સમયે વાહનોની અવર જવરથી વ્યસ્ત રહેતા હાઈવે ઉપર ગોળી-બિસ્કીટના હોલસેલ વેપારીને લૂંટી લેવાની ઘટનાથી અન્ય વાહન ચાલકોમાં ફફળાટ, વ્યાપ્યો છે. બનાવને પગલે ઈડર પોલીસ દોડતી થઈ છે.

**પોલીસે અનેક સીસી.ટીવી કેમેરા ફંફોસ્યા..**

ઈડરમાં ગોળી-બિસ્કીટનો ધંધો કરતા વેપારીને રસ્તામાં લૂંટી લેવાની ઘટનાથી પોલીસ બેક્ટ પર આવી ગઈ છે. લૂંટ ટીળકીને ઝડપી લેવા માટે પોલીસે ખાનગી સી.સી.ટીવી કેમેરા ફંફોસ્યાનું જાણવા મળ્યું છે. જ્યારે કોલ ડિટેલ્સના આધારે પણ પોલીસે આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો શરુ કર્યા છે.



**સાહેબુ સાંભળો...ખેડૂતોને હિસાબ ના હોય**

# જિલ્લામાં ખેડૂતોએ હવે હિસાબ રાખતાં શીખવું પડશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

રાજ્યમાં ખેડૂતો ખેતી કરીને દેવું કરી રહ્યા છે તેવી એક સર્વમાન્ય સાચી હકીકતો બહાર આવી છે. કોઈ ખેડૂત સરકારી કચેરીમાં પોતાના સંતાનના વધુ અભ્યાસ માટે દાખલો લેવા જાય ત્યારે કેવી સ્થિતિ પેદા થતી હોય તેનું એક દ્રષ્ટાંત અહીંયાં પૂરતુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના એક ખેડૂતને દાખલાની જરૂરીયાત ઉભી થઈ, દાખલો હતો ઉન્નતવર્ગનો, મામલતદારે તમે પાક ઉપજ વેચો છો તેનાં બીલ છે ખરાં..?? અધિકારીનો પ્રશ્ન સાંભળી ખેડૂત ચોંકી ઉઠ્યો. રાજકીય ભલામણો કરાવી પરંતુ દાખલો ન મળ્યો. ખેડૂતે તડપદી ભાષામાં જણાવ્યું સાહેબુ સાંભળો ખેડૂતોને હિસાબ ન હોય છતાં જિલ્લામાં આવીને પોતાના સગાના નામે જમીન રાખનારા આ અધિકારીએ ખેડૂતની વાત માની નહીં. ટૂંકમાં ભલે આ કડવો અનુભવ હતો પરંતુ ખેડૂતોએ હવે હિસાબ રાખતાં શીખવું પડશે તો જ નફા-નુકસાનનો અંદાજ આવી શકશે.

રાજ્યમાં અત્યારે ખેડૂતો પાસેથી જમીનો લઈને વેચનારા લાખો-કરોડોમાં આળોટતા થઈ ગયા છે. અણસમજુ ખેડૂતોની જમીનો મફતના ભાવમાં વેચાઈ ગઈ છે. રાજ્યના કરોડો ખેડૂતોમાંથી માંડ ૫ ટકા ખેડૂતો આખા વર્ષનો હિસાબ અને તેના ચોપડા રાખતા હશે. ખેડૂતોમાં આજે માન્યતા એવી છે કે હિસાબ રાખવાથી કંઈ ગાડી-બંગલો ન થઈ જાય. પરંતુ આવા હિસાબો રાખવાથી ક્યાં નુકસાન થાય છે અને ક્યાં ફાયદો થાય છે તે વિગત તો જરૂર જાણી શકાય. ખેડૂતોએ હવે વાણીયાઓની જેમ હિસાબ રાખતાં થવું પડશે કારણ કે કોઈ પાક વાવ્યો તો તેમાં કેટલું બિયારણ ગયું, કેટલું ખાતર વપરાયું, જીવાત પડી તો કેટલી દવાઓનો છંટકાવ કર્યો, ભાગીયા અને મજૂરને કેટલીવાર ખેતીની માવજતમાં જોડ્યા અને તેમને શું મહેનતાણું ચૂકવ્યું આ બધી જ વિગતો મેળવીને હિસાબ કરવામાં આવે તો ખેડૂત વર્ષના અંતે કેટલો નફો અને કેટલું નુક્સાન કરે છે તે જાણી શકે. પરંતુ આજે પણ ખેડૂતો હિસાબ રાખીને જીવતા જીવે મરવું એના કરતાં હિસાબ જ રાખવો નહીં તેવી એક પ્રકારની અંધશ્રદ્ધામાં જીવી રહ્યા છે. સરકારો બદલાય છે, કાયદા બદલાય છે, ખેડૂત પુત્રો હવે ખેતી કરશે કે કેમ..?? તે બાબતે મોટી આશંકા સેવાઈ રહી છે. ખેડૂત પુત્ર તરીકેના લાભ મેળવવા માટેના લાભ ખેડૂતોએ પોતાની પાક ઉપજ વેચ્યાના તેમજ દવા-બિયારણ ખરીદ્યાના બીલ હવે ખરીદતાં શીખવું પડશે અને જો આ થાય તો ટ્રેક્ટર ખરીદી શકતો ખેડૂત આવનારા દિવસોમાં ગાડી, બંગલા અને વધુ જમીનો ખરીદશે તે દિવસો દૂર નથી. પરંતુ ખેડૂતોને હિસાબ ન હોય તે માનસિકતા છોડી હિસાબ રાખવા પડશે.

## જન્મદિને વધામણી



ધીરેનભાઈ બાબુભાઈ ચૌધરી
પૂર્વ ચેરમેન, ખેતી બેક
અમદાવાદ
મહેસાણા



હસમુખભાઈ પટેલ
સંગઠન મહામંત્રી, અરવલ્લી જિલ્લા ભાજપ માલપુર



મગનજીતભાઈ વણઝારા
પત્રકાર
હિંમતનગર



કાસમભાઈ ભીખાભાઈ કવિ
નિવૃત્ત આચાર્ય, રડોદરા પ્રા.શાળા
નીલકંઠ સોસાયટી,
બાયડ જીલ્લો અરવલ્લી
મો.૯૪૦૮૪૦૪૩૮૧



નીતલબેન વિલ્પેશકુમાર ગોર
તક્ષશિલા વિધાલય, બાયડ
ઘનશ્યામ નગર સોસાયટી,
બાયડ જીલ્લો અરવલ્લી



ગાયત્રીબેન પ્રવીણભાઈ પટેલ
ઉપપ્રમુખ, નગરપાલિકા - બાયડ
ઋષિકુંજ સોસાયટી, બાયડ

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન